ઘરની બહાર ભલે દિમાગ લઇને જાઓ કારણ કે ત્યાં બજાર છે, પરંતુ ઘરમાં પ્રવેશતા દિલ ને લઇ આવો, કારણ કે ત્યાં પરિવાર છે
- ઇટાલીયન કહેવત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૯૪ | ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૩, મંગળવાર; ભાદરવા વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગર ઘનઘોર : ધોધમાર વરસાદ





ગાંધીનગર, તા. ૨૩

આ વર્ષની છેલ્લી ઈનિંગ રમવાની હોય તેવી ઝંઝાવાતી બેટીંગના મૂડમાં મેઘરાજા છે. કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયેલા આકાશે બીહામણું દૃશ્ય ખડુ કર્યું છે. છેલ્લા બે દિવસથી પડી રહેલા વરસાદે સોમવારે જોર પકડ્યું હતું અને આખો દિવસ વરસાદી માહોલ છવાયેલો રહ્યો હતો.

ભાદરવાના આકરા તાપને સહન કર્યા બાદ આજકાલ ગાંધીનગરાઓ હીલસ્ટેશન જેવા માહોલનો આનંદ માણી રહ્યા છે. વરસાદી માહોલે ચારેબાજુ ઠંડક ફેલાવી દીધી છે. જેના કારણે તાપમાનમાં ખુબ ઘટાડો થયો છે. છેલ્લા બે દિવસથી છવાયેલો વરસાદી માહોલ આજે વધુ સંગીન બન્યો હતો. ગઈકાલથી આજ બપોર સુધી વરસાદી ઝાપટા પડ્યા હતા. તે પછી આજે બપોર બાદ શહેરની ઉત્તર દિશામાંથી કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવતા થોડાક સમય માટે તો ભયાવહ માહોલ પેદા થયો હતો. આકાશમાં કાળા વાદળો ઘેરાઈ આવતા ડરનો માહોલ ફેલાયો હતો અને જે વસાહતીઓ ઘરની બહાર હતા તેઓ ઘર ભેગા થવા માંડ્યા હતા. કર્મચારીઓ ઓફિસોમાં ભરાઈ ગયા હતા. કાળા ડિબાંગ વાદળોના ઝુંડે થોડીક જ વારમાં આખા શહેરનો કબ્જો લઈ લીધો હતો. સાથે જ તોફાની પવન અને વીજળીના કડાકા-ભડાકા પણ થતા હતા. આકાશમાં ઘેરાયેલા વાદળો હમણા જ તુટી પડશે અને આખા શહેરને જળતરબોળ કરી દેશે એવું લાગતુ હતુ. અપેક્ષા અનુસાર જ થોડીક જ વારમાં ધોધમાર વરસાદ વરસવો શરૂ થયો હતો. એટલો ધોધમાર વરસાદ વરસતો હતો કે પાંચ-દસ ફુટ આગળ પણ જોઈ શકાતુ ન હતુ. ઘણા વસાહતીઓ રસ્તામાં અટવાઈ ગયા હતા. થોડીક જ વારમાં શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. જો કે જેટલા

અનુ.-૭ પર














## હજુ પાછોતરો વરસાદ પડશે

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે કહ્યું છે કે હાલમાં રાજ્યના મહ્દભાગોમાં પાછોતરો વરસાદની ઝડી વરસી રહી છે ત્યારે ખેડૂત ભાઈઓમાં હર્ષની લાગણી છવાઈ છે. આ વરસાદથી શિયાળુ પાક પણ સારૂ થવાની ધારણા બંધાય છે જો કે વધુ વરસાદ પવન સાથે આવે તો કપાસ તેમજ ધાન્ય પાકો માટે કંઈક અંશે પ્રતિકૂળતા ઉભી કરી શકે. આમ દેશના ઉત્તરીય પશ્ચિમ ભાગોમાંથી વિદાય લેતા ચોમાસા વચ્ચે પણ સાગરમાં દબાણ ઉભા થવાથી પાછોતર વરસાદ હજુ પણ પડશે. જ્યારે સુર્ય હસ્ત નક્ષત્રમાં આવતા હાથીયો ગાજવીજ સાથે ઘણા ભાગોમાં વરસે. હાલમાં વરસાદ ઘણા ભાગોમાં વધારે થવામાં

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : દિપક જાની)

## મોસમનો કુલ વરસાદ ૮૮૦ મી.મી. સુધી પહોંચ્યો

ગાંધીનગર, તા. ૨૩

આ વર્ષે મેઘરાજાની મહેર સમગ્ર ગુજરાત પર રહી છે. છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન શહેરમાં ૮૩ મી.મી. વરસાદ નોંધાયો છે. આ સાથે મોસમનો કુલ વરસાદ ૮૮૦ મી.મી. સુધી પહોંચી ગયો છે.

બે ત્રણ દિવસથી બંધાયેલો વરસાદી માહોલ આજે વધુ ઘેરો બન્યો હતો. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૫૪ મી.મી. વરસાદ નોંધાયો છે. આમ વરસાદની નવી ઈનિંગમાં કુલ ૮૩ મી.મી. વરસાદ નોંધાતા મોસમનો કુલ વરસાદ ૮૮૦ મી.મી. સુધી પહોંચી ગયો છે. હજુ એકાદ-બે દિવસ વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી છે.

## રાજ્યભરમાં ભારે વરસાદ : સુરત જળબંબાકાર

### વિકટ પરિસ્થિતિ વચ્ચે સુરતમાંથી ૨૦૦૦થી વધુ લોકોનું સ્થળાંતર : શાળા કોલેજોમાં રજા : ભરૂચ, સુરત, અંકલેશ્વરમાં એલર્ટ : સમગ્ર તંત્ર સાબદુ થયુ

અમદાવાદ, તા.૨૩

દક્ષિણ ગુજરાતમાં અતિ ભારે વરસાદના પરિણામ સ્વરૂપે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. ઉકાઈના ૨૨ દરવાજા ખોલવાની ફરજ પડી છે જેથી સુરત શહેર પાણીમા ગરકાવ થઈ ગયુ છે. વિકટ પરિસ્થિતિ વચ્ચે સુરતમાંથી ૨૦૦૦થી પણ વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યુ છે. ઘણા રાહત કેમ્પો જુદી જુદી જગ્યાઓએ સ્થાપિત કરવામાં આવ્યા છે. સુરત શહેરના નિચાણવાળા વિસ્તારોમાં તમામ જગ્યાઓએ પાણી ભરાઈ ગયા છે. સાવચેતીના પગલારૂપે સુરત શહેરમાં શાળા અને કોલેજોમાં રજાની જાહેરાત કરી દેવામાં આવી છે. અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં પણ રજાની જાહેરાત કરી દેવામાં આવી છે. સુરત શહેર પર પૂરનું સંકટ તોળાઈ રહ્યુ છે. પરીક્ષાઓ પણ રદ કરવામાં આવી છે. પૂરના પરિણામ સ્વરુપે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા બાદ ફાયરબ્રિગેડ અને અન્ય બચાવ ટુકડીઓની મદદ લેવામાં

● અનુસંધાન પાન-૭ પર

## ભારે પવને વૃક્ષો-હોર્ડીંગ્સનો ખુરદો : ઠેર ઠેર પાણી ભરાયા

ગાંધીનગર, તા.૨૩

વરસાદી ઋતુના પ્રારંભે હોય તેવો તોફાની વરસાદ આજકાલ પડી રહ્યો છે. આજે બપોરે ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડયો હતો. ભારે પવનના કારણે શહેરમાં ઠેર ઠેર વૃક્ષોની ડાળીઓ પડી ગઈ હતી. હોર્ડીંગ્સ અને બેનરોનો તો ખુરદો બોલી ગયો હતો.

ઘટાટોપ બનેલા વૃક્ષોને ભારે પવનથી ખુબ નુકશાન થયું હતું. ઘણા સ્થળોએ વૃક્ષો અને તેની ડાળીઓ તુટી પડી હતી. મુખ્ય માર્ગો અને જાહેર સ્થળોએ લગાવેલા હોર્ડીંગ્સ અને બેનરો ને પણ ખાસ્સું એવું નુકશાન થયું હતું.ચ-૩ પાસે પડેલા ભૂવાને તાત્કાલિક રીપેર કરવામાં તંત્ર જોતરાયું હતું.

## રાજયમાં આગામી ૪૮ કલાક દરમિયાન ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત પર લો પ્રેશર સિસ્ટમ ઉભી થતાં આગામી ૪૮ કલાક દરમિયાન ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત પર અપરએર સાયકલોનીક સિસ્ટમ આવી હતી જે ગઈકાલે લો પ્રેશરમાં ફેરવાતા રાજયમાં કેટલાક વિસ્તારોમાં હળવો તો કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ થવા પામ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ લો પ્રેસર સીસ્ટમને કારણે રાજયમાં આગામી ૪૮ કલાક દરમિયાન હળવાથી ભારે વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

આ ઉપરાંત આગામી ૨૪ કલાક દરમિયાન દરિયો ન ખેડવા માછીમારોને ચેતવણી આપવામાં આવી છે.

## મનપા દ્વારા ૩૭ કરોડના વિકાસ કામો હાથ ધરાશે

### રંગમંચોના આધુનિકરણ, ઉદ્યાનોના આધુનિકરણ, ઓક્સીજન પાર્ક તેમજ મલ્ટી લેવલ પાર્કિંગ સે. ૨૧માં બનાવવાનું આયોજન : આશિષ દવે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ મહત્વની બેઠક શહેરના વિવિધ વિસ્તારોમાં ૩૭ કરોડના વિકાસ કામો હાથ ધરવાના આયોજનને મંજૂરી આપી છે.

સ્થાયી સમિતિના ચેરમેન શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળેલ આજની મહત્વની બેઠકમાં વ્યવસાય વેરાની ગ્રાન્ટ, ઓક્ટ્રોય નાબુદીની ગ્રાન્ટ તેમજ યુડીપી-૫૭ હેઠળ મળેલ રૂ. ૧૪ કરોડની ગ્રાન્ટના વિકાસ કામોના આયોજનને બહાલી આપી છે.

આજની આ સ્થાયી સમિતિએ સે. ૨માં આવેલ હરિપાર્ક સોસાયટીમાં મુખ્યમંત્રી સ્વર્ણીમ યોજના અંતર્ગત જનભાગીદારીથી ડસ્ટ ફ્રી એરિયા ડેવલપમેન્ટના કામને પણ બહાલી આપી છે. આ બેઠકમાં લેવાયેલ એક મહત્વના નિર્ણય મુજબ ફાયરબ્રિગેડના એન.ઓ.સી. માટેના દર નિયત કરવામાં આવ્યા છે જે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન કરતાં ૧૫ ટકા નીચા છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં સિક્યોરીટી માટે ગુજરાત સ્ટેટ ઈન્ડસ્ટ્રીયલ સીક્યુરીટીમાંથી જવાનો મેળવવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. આ જવાનો હાલ કોર્પોરેશનની પાર્કિંગ તેમજ અન્ય કચેરીઓની સલામતિનું કામ જોશે.

સ્થાયી સમિતિના ચેરમેન શ્રી આશિષ દવેએ આજે બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે આજની બેઠકમાં તમામ નિર્ણયો સર્વાનુમતે થયા છે.

તેમણે જણાવ્યું હતું કે ટ્રી ગ્રાર્ડ માટે જે કાઉન્સીલરોની દરખાસ્તો ૩૦-૯-૨૦૧૩ સુધીમાં મળશે તેને જ મંજૂરી આપવામાં આવશે. આ પછી આગામી વર્ષે ટ્રી ગાર્ડ માટેની દરખાસ્તો સ્વીકારવામાં આવશે.

શ્રી આશિષ દવેએ જણાવ્યું હતું કે વિકાસના જે કામો મંજૂર કરવામાં આવ્યા છે તેમાં ચ-૦ નજીક એક ઓક્સીજન પાર્ક બનાવવાનું આયોજન છે તો સે. ૨૧ના કોમર્શીયલ ઝોન વિસ્તારમાં ગીચ ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે એક મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવાનો પણ સમાવેશ થાય છે.

શહેરના વિવિધ ઉદ્યાનોના આધુનિકરણ તેમજ તેના વિકાસ માટે પણ રૂ. ૩ કરોડ જેટલી જંગી રકમ ફાળવવાનો નિર્ણય આજની બેઠકમાં લેવામાં આવ્યો છે.

આ ઉપરાંત ૬ જેટલા જાહેર સ્થળો પર મનપા દ્વારા સુલભ શૌચાલયો બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. યુડીપી-૭૮ હેઠળ મળેલ રૂ. ૨૨ કરોડની ગ્રાન્ટમાંથી રંગમંચોના આધુનિકરણ અને નવીનીકરણ માટે રૂ. ૬ કરોડ જેટલી જંગી રકમની ફાળવણી કરવામાં આવી હોવાનું શ્રી દવેએ જણાવ્યું હતું.

## રાહત બચાવ કામગીરી માટે એનડીઆરએફની સાત ટીમો મોકલાઈ

ગાંધીનગર, તા. ૨૩

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને કારણે ચાર શહેરોમાં પુરની સ્થિતિ ઉભી થતાં રાહત બચાવ કામગીરી માટે એન.ડી.આર.એફ.ની સાત ટીમો બોટ સાથે રવાના કરવામાં આવી છે.

રાજ્ય પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દક્ષિણ ગુજરાતના સુરત, ભરૂચ, નવસારી અને વડોદરા શહેરમાં ઉપરવાસમાંથી પાણીનો આવરો આવતા અને ભારે વરસાદને કારણે પુરની સ્થિતિ સર્જાવા પામી છે. આ શહેરોના કેટલાક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાવા પામી છે.

સંભવીત પૂરની સ્થિતિને ધ્યાને રાખીને રાજ્ય સરકારે રાહત બચાવ કામગીરી માટે એન.ડી.આર.એફ.ની બે ટીમ સુરત બે ટીમ નવસારી, બે ટીમ ભરૂચ અને એક ટીમ નવસારી ખાતે મોકલી આપવામાં આવી છે. જ્યારે એન.ડી.આર.એફ.ની બે ટીમ ગાંધીનગર ખાતે સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

આ ઉપરાંત સીઆરપીએફને સુરત ભરૂચ અને નવસારી ખાતે મોકલી આપવામાં આવી છે.



જાહેર આભાર



માન.શ્રી નરેન્દ્રભાઈ મોદી
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય



માન.શ્રી લીલાધરભાઈ વાઘેલા
માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી, મત્સ્ય ઉદ્યોગ અને ગૌસંવર્ધન



માન.શ્રી શંકરભાઈ ચૌધરી
ધારાસભ્યશ્રી વાવ-ભાભર વિધાનસભા
ચેરમેનશ્રી, બનાસ બેંક, પાલનપુર



શ્રી માવજીભાઈ એમ. દેસાઈ
ચેરમેન, માર્કેટયાર્ડ, ડીસા

બજાર સમિતિ, ડીસાના ચેરમેન પદે મારી બિનહરીફ વરણી થતાં સદર ચૂંટણીમાં અમોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સાથ-સહકાર આપનાર તેમજ ચૂંટણી પ્રસંગે ઉપસ્થિત રહેનાર ડીસા તાલુકાના તમામ ખેડૂત મિત્રો, સહકારી આગેવાનો, વેપારી ભાઈઓ, રાજકીય આગેવાનો, કાર્યકરો, ગુમાસ્તા ભાઈઓ, તોલાટ, હમાલભાઈઓ, મિત્ર વર્તુળ તથા તમામ નામી-અનામી સહુનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. તેમજ અમારામાં મુકેલ વિશ્વાસને સાર્થક કરવાનો હર હંમેશ પ્રયત્ન કરીશું.

આપનો સહકારી
માવજીભાઈ એમ. દેસાઈ - ચેરમેન
તથા તમામ ડિરેક્ટરશ્રીઓ
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા


## શહેરી-ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો વારંવાર ખોરવાતા પ્રજાજનો ત્રાહિમામ

### એક તરફ પરીક્ષાનો માહોલ છે તો બીજી તરફ વરસાદ વિદ્યાર્થીઓની હાલત કફોડી : લીફ્ટો પણ ખોરવાઈ જાય છે

ગાંધીનગર, તા. ૨૩

વરસાદના આગમનની સાથે જ ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ જતો હોવાથી ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વારંવાર આ અંગે રજુઆતો કરવા છતાંય તંત્રવાહકોના બહેરા કાને આ ફરિયાદો સાંભળવામાં આવતી જ નથી.

એક તરફ શાળાઓમાં પરીક્ષાઓનો માહોલ શરૂ થઈ રહ્યો છે ત્યારે વીજપુરવઠો ખોરવાઈ જવાની ઘટનાથી વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ પણ વધી જતી હોય છે. આ ઉપરાંત શહેરી વિસ્તારની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં તો ધંધા રોજગાર પણ ઠપ્પ થઈ જતા હોય છે.

ઉત્તર ગુજરાત વીજ કંપનીના સત્તાવાળાઓ દ્વારા આ અંગે કોઈ હેલ્પલાઈન પણ કાર્યરત ન હોવાની હકીકતો લોકજીભે ચર્ચાઈ રહી છે

● અનુસંધાન પાન-૭ પર